# Shri Govind Guru University, Godhra
(Established Vide Gujarat Act No. 24/2015)
# શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી, ગોધરા
(ગુજરાત એક્ટનં. ૨૪/૨૦૧૫ દ્વારા સ્થાપિત)

નં. એસજીજીયુ/વહીવટ/૨૦૨૦/૨૫૨૨ | તા.૦૪/૦૮/૨૦૨૦

## પરિપત્ર-૨૧૧૨

શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજોના આચાર્યશ્રીઓ, માન્ય અનુસ્નાતક કેન્દ્રોના પ્રોફેસર ઈન્ચાર્જશ્રીઓ, ભવનોના કો-ઓર્ડીનેટરશ્રીઓ તથા સંસ્થાઓના વડાશ્રીઓને જણાવવાનું કે સંપૂર્ણ વિશ્વના આદિવાસીઓના સંરક્ષણ અને વિકાસ માટે તેમજ તેઓની વિશિષ્ટ સંસ્કૃતિના જતન માટે તેમજ પ્રકૃતિ અને પર્યાવરણના રક્ષણ માટે સંયુક્ત રાષ્ટ્ર સંઘ દ્વારા, ૯મી ઓગસ્ટ ને "INTERNATIONAL DAY OF WORLD INDIGENIOUS PEOPLE – વિશ્વ આદિવાસી દિન " જાહેર કરેલ છે. શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટીનો વિસ્તાર આદિવાસી સમુદાયથી બહુત્વ ધરાવે છે. શ્રી ગોવિંદગુરૂ એ આદિવાસીઓને સંગઠિત કરીને અંગ્રેજો સામે વિદ્રોહનો શંખ ફુક્યો હતો. સમાજમાંથી ખોટી માન્યતાઓ, અંધશ્રદ્ધાઓ, વેઠપ્રથા, દારૂની બદી વગેરે દુર કરી પ્રજાને શિક્ષણ તરફ વાળી શ્રી ગોવિંદ ગુરૂએ વિશાળ સામાજિક અને શૈક્ષણિક આંદોલન શરૂ કરેલું જેને આજે પણ લોકો "ભગત અંદોલન" તરીકે ઓળખે છે. જેમના બેજોડ ઐતિહાસિક આંદોલનને કારણે રાજ્ય સરકારશ્રી દ્વારા મધ્ય ગુજરાતમા સ્થાપિત આપણી યુનિવર્સિટીનું નામાંકન "શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી" કરવામાં આવ્યું છે. આમ આપ સૌને "વિશ્વ આદિવાસી દિન" નિમિતે આદિવાસી સંસ્કૃતિ અને આદિવાસી સમુદાયના બલિદાનને શ્રધ્ધાંજલિ આપવા આપની કક્ષાએથી તા.૦૮/૦૮/૨૦૨૦ થી તા.૧૧/૦૮/૨૦૨૦ દરમિયાન ઓનલાઈન માધ્યમથી વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો અને સ્પર્ધાઓ આયોજિત કરવા અનુરોધ કરવામાં આવે છે. આ કાર્યક્રમ અંગેના ફોટોગ્રાફ અને સંક્ષિપ્ત અહેવાલ યુનિવર્સિટીના ઈ-મેઈલ એડ્રેસ cs@sggu.ac.in પર મોકલી આપવા વિનંતી છે.

કા. કુલસચિવ<br>
શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી,<br>
ગોધરા.

પ્રતિ.

- શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજોના આચાર્યશ્રીઓ, માન્ય અનુસ્નાતક કેન્દ્રોના પ્રોફેસર ઈન્ચાર્જશ્રીઓ, ભવનોના કો-ઓર્ડીનેટરશ્રીઓ તથા સંસ્થાઓના વડાશ્રીઓ તરફ જાણ તથા જરૂરી કાર્યવાહી સારૂ.